# રિલાયન્સ કેપિટલે NCDs મારફત ₹2,000 કરોડ એકઠા કર્યા

**નવી દિલ્હી:** રિલાયન્સ કેપિટલે જણાવ્યું હતું કે તેણે તેના ધિરાણ બિઝનેસના વિસ્તરણ તથા હાલમાં અસ્તિત્વ ધરાવતી ડેટના રિફાઇનાન્સિંગના હેતુ માટે નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના પ્રાઈવેટ પ્લેસમેન્ટ મારફત ₹૨,૦૦૦ કરોડ (૩૦૦ મિલિયન અમેરિકન ડોલર) એકત્ર કર્યા છે. ઓફર કરવામાં આવેલા ઇશ્યૂનું કદ ₹૧,૦૦૦ કરોડનું હતું તથા તેમાં ₹૧,૦૦૦ કરોડ સુધી ઓવર સબસ્ક્રિપ્શનને જાળવી રાખવાનો વિકલ્પ હતો જેથી કુલ સેલ્ફ લિમિટ ₹૨,૦૦૦ કરોડની હતી. આ ઇશ્યૂ પૂરેપૂરો ભરાઈ ગયો હતો તથા તેમાં ગ્રીન શુ ઓપ્શનનો સમાવેશ થાય છે જેનું લિસ્ટિંગ બીએસઇ પર થશે. રિલાયન્સ કેપિટલના ઇડી તથા ગ્રૂપ સીઇઓ સેમ ઘોષે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફંડનો ઉપયોગ અમારી ડેટના રિફાઇનાન્સિંગ માટે કરવામાં આવશે તથા ધિરાણ બિઝનેસના વિસ્તરણ માટે પણ ઉપયોગ કરાશે. તેમણે જણાવ્યું હતું કે, અમારો ડેટ ઇક્વિટી ૧.૭ના સ્તર પર છે જે એનબીએફસી સેક્ટરમાં સૌથી નીચા સ્તરે છે. અમે સ્વસ્થ એસેટ લાયેબિલિટીના મિશ્રણને જાળવી રાખીશું તથા અમારા ઊંચી વૃદ્ધિ ધરાવતા ધિરાણના બિઝનેસ માટે વધારે સારી કિંમત ધરાવતું ભંડોળ ઉપલબ્ધ કરાવીશું.